ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૫૦
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૫/૧૨/૨૦૧૫

// **પરિપત્ર** //

**વિષયઃ- સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત ખાતે વિકસાવવામાં આવેલ મહિલા ઔદ્યોગિક પાર્કના ઔદ્યોગિક પ્લોટની ફાળવણી નીતિ બાબત.**

નિગમ ધ્વારા સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત વિકસાવવામાં આવેલ અને તેની અંર્તગત એક મહિલા ઔદ્યોગિક પાર્કનું આયોજન કરવામાં આવેલ છે. નવી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંર્તગત સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો શેડ અને પ્લોટ ડેવલપ કરવા માટેની યોજના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૦/૦૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃએમઆઇએસ/૪૩૦૯૦૬-ચ થી અમલમાં છે તેના અનુસંધાનમાં નિગમ ધ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોને રાજય સરકારની સબસીડીનો લાભ આપી પ્રોત્સાહિત ભાવે ફાળવણી કરી શકાય તે હેતુથી તેમજ યોગ્ય વ્યકિતને આ લાભ મળી રહે તે આશયથી મહિલા ઔદ્યોગિક સાહસિકોને પ્રોત્સાહન અને લાભ આપવા બાબતે સરકારશ્રીની ઔદ્યોગિક નીતિને અનુરૂપ નીતિ ઘડવા બાબતની કાર્યસૂચિ નિગમની ૪૮૫ મી સભા સમક્ષ રજુ કરવામાં આવેલ હતી, જેમાં ઠરાવ ક્રમાંકઃ ૧૨૨/વિતરણ/૪૮૫/૨૦૧૫ પસાર કરવામાં આવેલ. જે અન્વયે નીચે મુજબની ફાળવણીની નીતિ નકકી કરવામાં આવે છે.

**વ્યાખ્યાઃ- મહિલા ઉદ્યોગ સાહસિકઃ-**

- ફાળવણીદાર ૧૦૦% મહિલા ઉદ્યોગ સાહસિક હોવા જોઇએ. અર્થાત્ એકમની સંપૂર્ણ માલિકી મહિલા સાહસિકોની હોવી જોઇએ.
- આવા એકમની સંપૂર્ણ માલિકી મહિલા ઉદ્યોગ સાહિસકની હોવી જોઇએ. જો આવું એકમ ભાગીદારી પેઢી ધ્વારા સ્થપાતું હોય તો તેના બધા જ ભાગીદારો મહિલા સાહસિકો હોવા જોઇએ.

**શરતોઃ-**

(૧) સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત માટે તા.૦૧/૦૪/૨૦૧૫ થી રૂા.૩૬૦૦/- પ્રતિ ચો.મી. ફાળવણીદર નકકી થયેલ છે. પરંતુ સદર મહિલા ઔદ્યોગિક પાર્કમાં ફાળવણી દર રૂા.૨૧૦૦/- પ્રતિ ચો.મી. રહેશે. આ ફાળવણી દર વખતોવખત નિગમના નિયમોનુસાર ફેરફારને આધીન રહેશે.

(૨) પ્રસ્તુત પાર્કમાં પ્રવર્તમાન નીતિ અનુસાર પ્લોટ મેળવવા માટે ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૩) નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર પ્લોટનો ઉપયોગ વિતરણ તારીખથી ત્રણ વર્ષમાં ઉપયોગ કરવાનો રહેશે.

(૪) નિયત સમય મર્યાદામાં પ્લોટનો ઉપયોગ શરૂ કરવામાં ન આવે તો નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર પ્લોટ પરત લેવાનો રહેશે.

(૫) ફાળવવામાં આવેલ પ્લોટ પાંચ વર્ષ સુધી તબદીલી પાત્ર રહેશે નહીં.

(૬) વપરાશી પ્લોટના કિસ્સામાં ફાળવણી થયાના પાંચ વર્ષ બાદ તબદીલ કરવામાં આવે ત્યારે સાણંદ-૨ ઔદ્યોગિક વસાહતના પ્રવર્તમાન વિતરણ દર મુજબ નિગમની નીતિ અનુસાર તબદીલી ફી વસુલવામાં આવશે. પ્લોટની ઉપયોગીતાને આધીન તબદીલી માત્ર મહિલા ઉદ્યોગ સાહસિકની વ્યાખ્યામાં સમાવેશ થતો હોય તેની જ તરફેણમાં નિયમોનુસાર સ્વીકારવાની રહેશે.

(૭) સદર મહિલા ઔદ્યોગિક પાર્કમાં રાહત દરે જમીનની કિંમત નકકી કરેલ હોઇ અન્ય રાહતો મળવા પાત્ર રહેશે નહીં.

(૮) પ્લોટના વપરાશની સમય મર્યાદા વધારવા, બાંધકામના નકશા મંજુર કરવા, એકત્રીકરણ, પેટા વિભાજન, તબદીલી ફી, વણવપરાશી દંડની રકમ વિગેરે બાબતે સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત માટે નિગમની પ્રવર્તમાન નીતિ મુજબ અનુસરવાનું રહેશે.

(૯) પેટા ભાડા અંગે નિગમના પ્રવર્તમાન નિયમોનુસાર લાગુ કરવાના રહેશે. પરંતુ પેટા ભાડાની મંજુરી ફકત પેટા ભાડેથી લેનારનો મહિલા ઉદ્યોગ સાહસિકની વ્યાખ્યામાં સમાવેશ થતો હોવો જોઇએ.

(૧૦) નિગમની સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત માટે નકકી કર્યા મુજબ પ્રસ્તુત પાર્કમાં પણ બીન રાસાયણિક અને બીન પ્રદુષણકર્તા ઉદ્યોગો સ્થાપવાના રહેશે.

(૧૧) ફાળવવામાં આવતા પ્લોટ ઉપર બાંધકામ તેમજ અન્ય જરૂરી તમામ બાબતોએ પ્રવર્તમાન નીતિ અનુસાર ફાળવણીદારોએ સંબંધિત સત્તા તંત્ર પાસેથી મંજુરી મેળવવાની રહેશે.

(૧૨) એક અરજી દીઠ ફકત એકજ પ્લોટ ફાળવવાના રહેશે. એક અરજદાર એક કરતાં વધારે ઓનલાઇન એપ્લીકેશન કરી શકશે નહીં. આવા અરજદારોના કુટુંબના સભ્યોમાંથી એકજ અરજદારને આવા લાભો આપવાના રહેશે અને આવા અરજદાર પાસેથી અરજી વખતે આ સાથે રાખેલ નમુનાના મુસદ્દા પ્રમાણે બાંહેધરીખત મેળવવાનું રહેશે.

(૧૩) કુટુંબના કોઇપણ એકજ મહિલા સાહસિક અરજી કરી શકશે અને એક કુટુંબમાં એકથી વધારે સભ્યોની અરજી મંજુર રાખવામાં આવશે નહીં.

(૧૪) નિગમની નીતિ મુજબ અનામત કક્ષાની મહિલાઓ જેવી કે, અનુ. જાતિ/અનુ. જન જાતિ, સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગ/એકસ આર્મી મહિલાઓને ઉપલબ્ધ જમીનના ૧૫% ની મર્યાદામાં જમીન ઓ.ટી.પી. ધોરણે ફાળવવાની રહેશે.

(૧૫) મળેલ અરજીઓની ચકાસણી સ્ક્રીનીંગ સમિતિ ધ્વારા કરવામાં આવશે. જેમાં ચયન કરતાં સફળ ઉતરેલ અરજીઓ જો ઉપલબ્ધ પ્લોટની સંખ્યા કરતાં વધારે હશે તો ડ્રોની પધ્ધતિ અથવા નિગમ ધ્વારા નકકી કરવામાં આવે તે મુજબ ફાળવણી કરવામાં આવશે.

(૧૬) અરજદાર મહિલા સાહસિકે અરજી કર્યાની તારીખે ૧૮ વર્ષ પુરા કરેલા હોવા જોઇશે.

(૧૭) ઉપરોકત મુદ્દાઓ સિવાય વિતરણની અન્ય તમામ પ્રવર્તમાન શરતો લાગુ પાડવાની રહેશે.

મહિલા ઔદ્યોગિક પાર્કની પોલીસી અંર્તગત નિગમના ઉપા. અને વ.સં.શ્રીને નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવે છે.

સહી/-
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧,૨, ઉદ્યોગભવન, ગાંધીનગર તરફ .

(૨) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(3) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૪) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)